| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010022872026 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ | | |
| | | રજીસ્ટર્ડ તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૦૬ |

---

**પાલનપુરના મહે. છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. પાલનપુર.**
**ક્રિ.પર.અ.નં. ૭૨૨/૨૦૨૬**

---

**આંક – ૦૭**

બ્રજમોહન સુજારામ જાટ
ઉ.વ. આ. ૩૨, ધંધો. મજુરી,
રહે. મુ. ભીચાવા, તા. મકરાણા,
જિલ્લો. નાગોર (રાજસ્થાન)
હાલ રહે. સબ જેલ ડીસા. **....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર
જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એ. એ. બિહારી.
શ્રી સરકાર તરફે એ. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત.

---

**બાબત: –** બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા અંગે..

**:– ચૂકાદો –:**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ થરાદ પોલીસ સ્ટેશન ફ. ગુના રજી. નં. ૧૧૯૯૬૦૦૬૨૬૦૫૪૯/૨૦૨૬ એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૨(સી) અને ૨૯ મુજબનો નોંધાયેલ છે અને હાલમાં તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં છે તેથી અરજદાર/આરોપીએ હાલની આ અરજી બી. એન. એસ. એસ. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી અન્વયે આ કામના સામાવાળાને નોટીસ કરતાં સામાવાળા તરફે વિ. એડી. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત આંક. ૦૫ ની પુરસીસથી હાજર થયેલ છે.

(૩) અરજદાર/ આરોપીની અરજી અન્વયે આ કામના ત.ક.અ.શ્રી એ આંક.૦૬ થી પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરેલ છે અને તેમણે અરજદારને જામીન મુકત ન કરવા માટે વિનંતી કરેલ છે.

(૪) અરજદાર તરફે વિ. વ. શ્રી એ. એ. બીહારીએ દલીલ કરેલ છે કે, હાલના કામે અરજદારની ચાર્જશીટ અગાઉની પ્રથમ જામીન અરજી છે. હાલના કામે જે જથ્થો છે જે ઈન્ડરમીડીયેટ છે. અરજદારનું નામ આરોપી નં. ૧ તરીકે છે. હાલના કામે અરજદાર પાસેથી કોઇ મુદ્દામાલ રીકવરી કે ડિસ્કવરી થયેલ નથી. હાલના અરજદાર માત્ર ગાડીમાં ડ્રાઈવર સાથે મુસાફરી કરી રહેલ હતા અને તેઓની પાસેથી માત્ર મોબાઇલ જ રીકવર થયેલ છે. મોટા ભાગના સાહેદો સરકારી સાહેદો હોય તેઓને ધમકી આપવાનો કે ફોડવાનો કોઇ પ્રશ્ન ઉભો થતો નથી. હાલના કામે નામદાર સુપ્રિમકોર્ટના મિહીર રાજેશ શાહના ચુકાદાનું સંપુર્ણપણે ભંગ કરવામાં આવેલ છે. હાલના કામે આરોપીનો એરેસ્ટ મેમો જોવામાં આવેતો બી. એન. એસ. એસ. ની કલમ – ૩૬ મુજબનો એરેસ્ટ મેમો નથી. સ્થાનિક રહીશની સહી હોવી જોઇએ. એન. ડી. પી. એસ. ની રેઇડ વખતે પંચોની સહીઓ લેવામાં આવતી નથી. પંચો હાજર

હોવા છતાં તેમની સહી લીધેલ નથી. બે પંચોની જોઇન્ટ સહી છે. બંન્નેને ધરપકડના કારણો જુદા જુદા જણાવવા જોઇએ. કલમ– ૪૭ મુજબની નોટીસ હોય તો પણ તે યોગ્ય નથી અને અટક કરવાના કારણો એરેસ્ટ મેમામાં જ હોવા જોઇએ. નામદાર અલ્હાબાદ હાઇકોર્ટના ચુકાદા પર આધાર રાખેલ છે અને તે ચુકાદામાં એરેસ્ટ મેમોમાં ધરપકડના કારણો જણાવવા જોઇએ અને અલગ થી કારણો જણાવેલ હોય તો તે યોગ્ય નથી અગર તો એરેસ્ટ મેમોમાં લખવુ જોઇએ કે ધરપકડના કારણો અલગ થી આપેલ છે. અટક જો ગેરકાયદેસર હોય તો આરોપીને જામીન આપવા જોઇએ. ત. ક. અધિકારી દ્વારા જે સોગંદનામું રજુ કરેલ છે તેમાં પણ ધરપકડના કારણો જણાવેલ હોય તેવી કોઇ હકિકત જણાવેલ નથી. અરજદારનો કોઇ ગુનાહિત ઇતહાસ પણ નથી. અરજદાર પાસેથી કોઇ દસ્તાવેજી પુરાવા એકત્ર કરવાના નથી. સોગંદનામામાં જે અરજી નામંજુર કરવાના જે કારણો જણાવેલ છે તે પણ યોગ્ય કે વાજબી નથી તેમ જણાવી તેમની ઉપરોકત દલીલોના સમર્થનમાં નીચે મુજબના બે ચૂકાદાઓ ઉપર તેઓએ આધાર રાખેલ છે.

૧. ૨૦૨૫ લાઇવલો (એસસી) ૧૦૬૬
મિહિર રાજેશ શાહ વિ. મહારાષ્ટ્ર રાજય અને બીજા

૨. હેબિયસ કોર્પસ રિટ પિટિશન નં. ૪૭/૨૦૨૬
શિવમ ચૌરસ્યિા થ્રુ. તેમના ભાઇશ્રી માનસ ચૌરસ્યિા વિ.
યુ. પી. રાજય

(૫) સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી ડી. કે. પુરોહિતને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામે પોલીસ સ્ટાફના માણસો વાહન ચેકીંગની કામગીરીમાં હતી તે દરમ્યાન પકડાયેલ આરોપીની કબજા ભોગવાળી બોલેરો ગાડી નં. આર. જે.૩૭. યુએ–૭૧૮૬ ના ચાલક હાલના અરજદાર તથા ગાડીની ખાલી સીટમાં બેસેલ સહ આરોપી પાસેથી ગે. કા. અને વગર પાસ પરમીટનો મદાક પદાર્થ એમ્ફેટામાઇન મેથ એમ્ફેટામાઇન ૧૭. ૭૩ ગ્રામ જેની કિંમત રૂા. ૧, ૭૭, ૩૦૦ મળી આવેલ હોવાનું જણાવેલ છે. તેમજ તપાસ દરમ્યાન જે મુદ્દામાલ માદક પદાર્થ

એમ્ફેટામાઇન મેથ એમ્ફેટામાઇન પકડાયેલ છે તે અન્ય આરોપી સાંચોર ભારતમાલા રોડ નજીક ટોલથી નીચે ઉતરતાં હોટલ નજીકથી સાંચોરના ભાઇએ મુદ્દામાલ પુરો પાડેલ છે અને હાલના આરોપી તથા સહ આરોપી ખાવા માટે તેમજ છુટક વેચાણ કરવા માટે લઇ જતાં હતા તે દરમ્યાન પકડાયેલ છે. આમ આ કામના આરોપીની સ્પષ્ટપણે ગુનામાં સંડોવણી હોવાથી તેને જામીન પર મુકત નહીં કરવા તેમણે રજૂઆત કરેલ છે. વધુમાં તેઓ રજૂઆત કરતાં જણાવે છે કે, તપાસ હાલ ખુબજ નાજુક તબકકામાં છે. હાલના આવા ગુનાઓનું પ્રમાણ વધતુ જાય છે અને યોગ્ય તપાસ થાય તો ગુનાના મુળ સુધી પહોંચી શકાય તેમ હોય હાલના તબકકે અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) બંનેની રજૂઆતો ધ્યાને લીધી. એફ. આઇ. આર. વંચાણે લીધી. રજૂ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા. પોલીસનું સોગંદનામું ધ્યાને લીધું. આ કામના આરોપી વિરૂધ્ધ ધી એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૨(સી) તથા ૨૯ મુજબના ગુનાનો આક્ષેપ છે. આ કામે પોલીસ વાહન ચેકીંગની કામગીરીમાં હતી તે દરમ્યાન હાલના આરોપી તેના કબજા ભોગવાળી બોલેરો ગાડી નં. આર. જે.૩૭. યુએ–૭૧૮૬ ના ચાલક તથા ગાડીની ખાલી સીટમાં બેસેલ સહ આરોપી પાસેથી ગે. કા. અને વગર પાસ પરમીટનો મદાક પદાર્થ એમ્ફેટામાઇન મેથ એમ્ફેટામાઇન ૧૭.૭૩ ગ્રામ જેની કિંમત રૂા. ૧,૭૭,૩૦૦ મળી આવેલ છે. તેમની વિરૂદ્ધ પ્રથમ દર્શનીય કેસ છે. આ કામે સહ આરોપી પાસેથી જે મુદામાલ માદક પદાર્થ એમ્ફેટામાઇન મેથ એમ્ફેટામાઇન પકડાયેલ છે તે અન્ય આરોપી સાંચોર ભારતમાલા રોડ નજીક ટોલથી નીચે ઉતરતાં હોટલ નજીકથી સાંચોરના ભાઇએ મુદ્દામાલ પુરો પાડેલ છે અને હાલના આરોપી તથા સહ આરોપી ખાવા માટે તેમજ છુટક વેચાણ કરવા માટે લઇ જતાં હતા તે દરમ્યાન પકડાયેલ છે. આમ આ કામના આરોપીનો પણ ગુનામાં સક્રિય રોલ હોવાથી તેમજ ગુનાની તપાસ હજુ ચાલુ છે. ચાર્જશીટ ફાઇલ થયેલ નથી. તે સંજોગોમાં ગુનાની તપાસ ચાલુ હોવાથી અને ચાર્જશીટ પણ ફાઇલ થયેલ ન હોવાથી તેમજ તેની વિરૂધ્ધ પોલીસને

અત્યાર સુધીની તપાસ દરમ્યાન પુરાવાઓ મળી આવેલ છે. વધુમાં આરોપી તરફેની મુખ્ય દલીલ છે કે, અરજદારને ધરપકડના કોઇ કારણ આપેલ નથી તેમજ ઍરેસ્ટ મેમો જે બી. એન. એસ. એસ. ની કલમ ૩૬ તેમજ કલમ ૬૨ મુજબના ન હોવાથી તેમની ધરપકડ ગેરકાયદેસરની છે તે રજૂઆત સંદર્ભે રજૂ થયેલ આરોપીનું અટકાયત મેમો ધ્યાનમાં લેતાં અરજદાર/આરોપીના સંબંધીને મોબાઇલ ધ્વારા અટકની જાણ કરવામાં આવેલ છે તેમજ આરોપીઓને તેમના કબજા માંથી ગે.કા. અને વગર પાસ પરમીટનો માદક પદાર્થ મેથા એમ્ફેટાઇમાઇન જેનું કુલ ચોખ્ખુ વજન ૧૭.૭૩ ગ્રામ જેની કિંમત રૂા.૧, ૭૭, ૩૦૦/–નો જથ્થો મળી આવેલ હોય જેથી તેઓને સદર ગુનામાં અટક કરેલ છે તેવી સ્પષ્ટ સમજ કરી અટકાયત મેમા હેઠળ નોંધ કરેલાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે તે સંજોગોમાં અરજદાર/આરોપી તેમની અરજીના સંદર્ભે જે બે ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે તે ચૂકાદા હાલના કેસને લાગુ પડતા ન હોવાથી તેને જામીન પર મુકત કરવાની વિવેક બુધ્ધિની સત્તા હાલના તબકકે તેઓની તરફેણમાં વાપરવી યોગ્ય જણાતી ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

અરજદાર/આરોપીની પ્રસ્તુત જામીન અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી  અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

મું. પાલનપુર.
તા. ૨૯/૦૬/૨૦૨૬

(ધર્મેન્દ્ર સુખવાસીભાઇ શ્રીવાસ્તવ)
છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૧૯